


# ઉત્તર પ્રદેશમાં કોંગી ઉમેદવારો સપા અને બસપાની તકલીફ વધારશે

નવી દિલ્હી,તા. ૨૫

ઉત્તરપ્રદેશમાં પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે કોંગ્રેસ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે છ લોકસભા બેઠક પર પોતાના મજબુત ઉમેદવારો મેદાનમાં ઉતારી દીધા છે. જેના કારણે પ્રત્યક્ષ ફાયદો ભાજપને થઈ શકે છે. કોંગ્રેસના છ લોકસભા સીટ પર મજબુત ઉમેદવાર મેદાનમાં રહેવાથી બહુજન સમાજવાદી પાર્ટી અને સમાજવાદી પાર્ટીના કેટલાક મત કોંગ્રેસમાં જઈ શકે છે. જેના કારણે ભાજપને લાભ થઈ શકે છે. આવી સ્થિતીમાં ભાજપને વધારે લાભ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની સીટો જીતી લીધી હતી. આ વખતે એકબાજુ સમાજવાદી પાર્ટી અને બસપા દ્વારા મહાગઠબંધન કરવામાં આવ્યુ છે. આ બંને પાર્ટી સાથે મળીને ચૂંટણી લડી રહી છે. સાથે સાથે આ ગઠબંધનમાં કોંગ્રેસ પાર્ટીને સામેલ ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી કોંગ્રેસે પણ મજબુત ઉમેદવારો કેટલીક સીટો પર ઉતારી દીધા છે. આવી સ્થિતીમાં ત્રિકોણીય સ્પર્ધા થનાર છે. ત્રિકોણીય સ્પર્ધા થશે તો ભારતીય જનતા પાર્ટીને લાભ થઈ શકે છે. વર્ષ ૨૦૧૪માં ગાજિયાબાદ, સહારનપુર, લખનૌ, કાનપુર, બારાબંકી તેમજ કુશીનગરમાં કોંગ્રેસ પાર્ટી બીજા સ્થાન પર રહી હતી. બીજી બાજુ બસપના કેટલાક ઉમેદવાર નબળા દેખાઈ રહ્યા છે. જેથી મુસ્લિમ મતદારો ભ્રમમાં પડી શકે છે. વોટ ગઠબંધનને આપવામાં આવે કે પછી કોંગ્રેસમાં આપવામાં આવે તેને લઈને ભ્રમની સ્થિતી રહી શકે છે. કેટલાક શહેરી ક્ષેત્રોમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સ્પર્ધા રહી શકે છે. ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ અને મહાગઠબંધનમાં રહેલી ખેંચતાણનો લાભ લઈ શકે છે. જો કે ભારતીય જનતકા પાર્ટીની સામે પણ છેલ્લી ચૂંટણી જેવો દેખાવ કરવાની બાબત ખુબ મુશ્કેલ છે. જેથી તેને વધારે તાકાત

**ઉત્તરપ્રદેશમાં છ લોકસભા સીટ પર સપા-બસપના અનેક મત કોંગ્રેસને જઇ શકે છે જેથી ભાજપને સીધો લાભ થશે**


લગાવવાની ફરજ પડી રહી છે. ઉત્તરપ્રદેશમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છટ્ઠી મે, છટ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ ઉપર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છટ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છટ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકીય પક્ષો જોરદાર તૈયારીમાં હાલમાં વ્યસ્ત છે.

## સુલ્તાનપુરમાં પ્રજા કોને જીત અપાવશે તેની ચર્ચા શરૂ

**હોટ સીટ સુલ્તાનપુરમાં વરૂણ ફેવરીટ છે : ભાજપના વરૂણ ગાંધીએ અનેક વિકાસના કાર્ય હાથ ધર્યા છે જેથી તેમની સામે ટક્કર લેવા માટેની બાબતો પડકારરૂપ**

નવી દિલ્હી,તા. ૨૫

લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ રાજકીય પક્ષો પોત પોતાની ગણતરીમાં લાગી ગયા છે. એકબીજાને પછડાટ આપવા માટેની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી રહી છે.



દેશમાં કેટલીક હોટ લોકસભા સીટ પણ રહી છે. જેમાં એક સીટ ઉત્તરપ્રદેશની સુલ્તાનપુર પણ છે. આ સીટ પર પ્રજા કોને સુલ્તાન બનાવે છે તે બાબત પર તમામની નજર રહેનાર છે. આ સીટ પર મોટા ભાગે કોંગ્રેસ અને ભાજપના નેતાઓનુ પ્રભુત્વ રહ્યુ છે. સમાજવાદી પાર્ટીનુ આ સીટ પર ક્યારેય ખાતુ ખુલ્યુ નથી. હાલમાં ભાજપના વરૂણ ગાંધી સાંસદ છે.

## વાયનાડમાં પણ રાહુલ ગાંધી સામે સ્મૃતિ હશે

**ભાજપ દ્વારા આક્રમક રણનિતી પર વિચારણા : સ્મૃતિને મેદાનમાં ઉતારવાના નિર્ણયથી સ્પર્ધા વધારે તીવ્ર**

નવી દિલ્હી,તા. ૨૫

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશની તેમની પરંપરાગત સીટ અમેઠી ઉપરાંત કેરળની વાયનાડ સીટ પરથી પણ ચૂંટણી લડી શકે ચે તેવા હેવાલ આવી રહ્યા છે. હવે એવા હેવાલ પણ આવી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટી પણ આ બેઠક પર તેમના શક્તિશાળી નેતા સ્મૃતિ ઈરાનીને મેદાનમાં



ઉતારી શકે છે.

જો સ્મૃતિ ઈરાની મેદાનમાં ઉતરશે તો સ્પર્ધા વધારે તીવ્ર બની શકે છે. રાહુલને આ સીટ પરથી મેદાનમાં ઉતારી દેવાની ચાલી રહેલી હિલચાલ વચ્ચે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ આ સીટ પરથી એક મજબુત ઉમેદવારને મેદાનમાં ઉતારવા વિચારણા ચાલી રહી છે. સ્મૃતિ ઈરાનીના નામ પર ચર્ચા સૌથી વધારે છે.

## મોડાસા જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે લોકસભા ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડનો અભિવાદન યોજાયો




મોડાસા, તા. ૨૫

આજરોજ અરવલ્લી જિલ્લામાં મોડાસામાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાબરકાંઠા લોકસભા ભાજપાના ઉમેદવાર દીપસિંહ રાઠોડનો અભિવાદન કાર્યક્રમ પ્રમુખ રણવિરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મોટી સંખ્યામાં જીલ્લાના કાર્યકરોએ બુકે અને ફુલહાર પહેરાવી આવકાર્યા હતા અને લોકસભાની ચૂંટણીમાં તેમને જંગી બહુમતિથી વિજય બનાવવા સૌ કાર્યકરોએ એકીસૂરે હાંકલ કરી હતી.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી ધ્વારા બાહેધરી સાથે મહત્તમ મતદાન કરવા અને અરવલ્લી જિલ્લાના કાર્યકરો મજબૂતિથી ઉમેદવારને જીતાડવા અપીલ કરી હતી ''ફિર એક બાર મોદી સરકાર''નો સંકલ્પ કરવામાં આવ્યો હતો. અભિવાદન ઝીલતાં ઉમેદવાર દીપસિંહ રાઠોડે અગાઉ પાંચ વર્ષ માટે વિજયી બનાવી લોકસભામાં મોકલવા બદલ સૌ કાર્યકરોનો આભાર માન્યો હતો. તમામ કાર્યકરોની મહેનત રંગ લાવી હતી અને તેથી જ હું સાંસદ બન્યો હતો તેનો પુનરોચ્ચાર કરી ૨૦૧૯ની લોકસભામાં પણ આપના થકી અને આપ સૌ કાર્યકરોના પુરુષાર્થ થકી ફરી એકવાર વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈને બેસાડવા સાબરકાંઠા બેઠકનું કમળ મોકલવા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



સાબરડેરી ના ચેરમેનશ્રી મહેશભાઈ પટેલ અને વાઇસ ચેરમેન શ્રી જયંતી ભાઈ પટેલે આજરોજ વિધિવત પદગ્રહણ કરી કાર્યભાર સંભાળ્યો હતો આ પ્રસંગે સાબરડેરી ના ડિરેક્ટર શ્રી ભોગીભાઈ પટેલ અને મણીભાઈ પટેલ તેમજ જશુભાઈ પટેલ અને વિપુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. સાબરકાંઠા જિલ્લાના સહકારી મારખાના મા ધાતા અને રાજ્યલેવલની સહકારી સંસ્થાઓમા ઉમદા પૃતિનિધિત્વ પુરૂ પાડતા વહીવટી કુશરતા ધરાવતા અને સાબરડેરીમા સર્વાનુમતે ચેરમેન તરીકે પસંદગી પામેલા મહેશભાઈ અમીચંદભાઈ પટેલે આજે વિધિવત રીતે ચેરમેનપદનો હવાલો સંભારી લીધો છે..સાથે સાથે વા .ચેરમેન જયંતિભાઈ પટેલે પણ વા.ચેરમેનપદ સંભારી લીધુ છે..આ પૃસંગે તેમણે ડેરી વિકાસ અને સભાસદોના હિતમાં ઐતિહાસિક કામ કરવાની ખાત્રીઓ આપી હતી આ પૃસંગે ડિરેક્ટરો પણ હાજર રહયા હતા.

## પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યાલયનું ઉદ્દ્ઘાટન

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લોકસભાની ચૂંટણીને લઈને જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઢોલ નગારાં સાથે જનસંપર્ક કાર્યક્રમ પણ યોજાયો, જેમાં ભાજપ આગેવાનો કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દેશમાં લોકસભાની ચૂંટણીના પડધમ વાગી ગયાં છે. સાબરકાંઠા સીટ ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા ફરી સાંસદ દિપસિંહ રાઠોડને રીપીટ કરવામાં આવ્યા છે. ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનોમાં આનંદની લહેર જોવા મળી છે. પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે જિલ્લામાં આવેલ અનંત વિલાસ શોંપીગ સેન્ટર ખાતે લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલના હસ્તે ભાજપ કાર્યાલયને ખુલુ મુકવામાં આવ્યું હતું. પ્રાંતિજ ત્રણ રસ્તાથી ભાખરીયા બસસ્ટેન્ડ અને બજારચોકથી પંખીઘર સુધી જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બજાર સહિત વિસ્તારમાં ઠેરઠેર વેપારીઓ તથા સમર્થકો શુભેચ્છકો દ્વારા સાંસદ દિપસિંહ રાઠોડને ફુલહાર પહેરાવી શ્રીફળ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ અને ૨૦૧૯ સાબરકાંઠાના લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડ, સાબરડેરીના ચેરમેન અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જયસિંહ ચોહાણ, તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ,



ભાજપ તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ, નૃપાશભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યાલયને વિધીવત ખુલ્લું મુકીને જનસંપર્ક બાઈક રેલી યોજાઈ હતી. જેમાં જનતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને ભાજપની કામગીરી લોકો સુધી પહોચાડવામાં આવી હતી.

## ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી લડવા અમિત શાહને પડકાર : રેશ્મા પટેલ

**ફરીવાર રેશમા પટેલના બેબાક બોલ સામે આવ્યા : નારાજ થયેલી રેશમા પટેલે ફરી એકવાર બળાપો ઠાલવ્યો**

અમદાવાદ,તા. ૨૫

પાટીદાર અનામત આંદોલન સમિતિમાંથી ભાજપમાં જોડાયેલા અને ત્યાર બાદ ભાજપથી નારાજ થઈ પક્ષ છોડી દેનાર રેશ્મા પટેલે હવે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને આડકતરી રીતે જાણે ચેલેન્જ આપી છે કે, રૂરલ એરિયામાંથી ચૂંટણી લડો તો ખબર પડે કે કેવી રીતે જીતાય છે. રેશ્મા પટેલે આ સિવાય પણ ટિકિટ આપવાને લઈને પણ ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યા હતા. જેને લઈ ફરી એકવાર રેશમા પટેલના બેબાક બોલ સામે આવ્યા છે. તાજેતરમાં જ ભાજપ છોડી દેનાર રેશ્મા પટેલે દેવજી ફતેપરાએ ભાજપમાં ટિકિટને લઈને કરાયેલ નિવેદન પર જણાવ્યું હતું કે, ભાજપના સાંસદે જ તેમની પાર્ટી પર ટિકિટ વહેચણીમાં પ્રજાનું હિત નથી જળવાતુ તેવી રીતે વહેચણી થાય છે તેવો બળાપો ઠાલવ્યો છે. હું પણ માનું છું કે ભાજપે પ્રજાલક્ષી કોઈ નિર્ણય નથી લીધો. ભાજપમાં જ ટિકિટ વહેચણીને લઈને અસંતોષ છે. ભાજપના સાંસદે જ પોતાના પક્ષ પર આક્ષેપ કર્યો છે તો તેના વિશે મારે વિશેષ ટિપ્પણી કરવીની જરૂર નથી. પરંતુ એટલુ ચોક્કસ છે કે, ભાજપ તાનાશાહોની પાર્ટી છે અને સાચા લોકોને ટિકિટ મેળવવી મુશ્કેલ છે. ભાજપની કૂટનીતિઓ તો સમગ્ર ગુજરાત અને દેશ સામે છે. દરેક સમજી રહ્યા છે કે તેઓ કઈ રીતે રાજનીતિ કરે છે.

રેશ્મા પટેલે અમિત શાહને સીધો પડકાર ફેંકતા જણાવ્યું કે, ભાજપ દ્વારા અમિત શાહને ગાંધીનગરથી ટિકિટ આપવામાં આવે છે. અમિત શાહે લડવું હોય તો રુરલ એરિયામાં આવે તો ખબર પડે કે કઈ રીતે જીતાય. સેફ બેઠક પર તાનાશાહો કબજો કરી રહ્યા છે. રેશમા પટેલના બેબાક બોલને લઈ ફરી એકવાર ભારે ચર્ચા જાગી છે.

## ધારાસભ્ય લલિત વસોયાની કારની ટક્કરથી મહિલાનું મોત

અમદાવાદ,તા. ૨૫

ગઈકાલે સાંજે ધોરાજીના ધારાસભ્ય લલીત વસોયાની કારને અકસ્માત નડ્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત થયેલી એક યુવતીનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. મૃતક યુવતીનું નામ દિશાની મહેતા હતું. પોલીસે સમગ્ર મામલે હાલ લલિત વસોયાના ડ્રાઈવરની ધરપકડ કરી હતી અને વધુ તપાસ શરૂ કરી છે.

જો કે, બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, કોંગ્રેસના ધોરાજીના ધારાસભ્ય લલીત વસોયાની કારને પોરબંદર પાસે અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં લલિત વોસાયાને માથામાં ઈજા થઈ હતી.

ઉલ્લેખનીય છે કે લલીત વસોયા આગામી લોકસભાની ચૂંટણીમાં પોરબંદર બેઠકના કોંગ્રેસના સંભવિત ઉમેદવાર છે. તેઓ એક ટીવીચેનલની ડિબેટમાં ભાગ લેવા જઈ રહ્યા હતાં. ત્યારે એરપોર્ટ નજીક તેમની કારને ગંભીર અકસ્માત નડ્યા હતો. જેમાં કારની ટક્કરથી યુવતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ તેનું ત્યાં કરૂણ મોત નીપજયું હતું. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી અને ધારાસભ્ય લલિત વસોયાના ડ્રાઈવરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉનાવા પાસે કારની ટક્કરમાં મોટર સાયકલ ચાલકનું મોત

ઊંઝા, તા. ૨૫

ઊંઝા નજીકના ઉનાવા ગામે હાઈવે પર એક મોટરસાયકલના ચાલકને પુરઝડપે જઈ રહેલ મોટરકારે જોરદાર ટક્કર મારતાં ગંભીર રીતે ઘવાયેલ મોટરસાયકલના ચાલકનું અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.

બનાવની વિગત એવી છે કે ઉનાવા ગામના કનુભાઈ મફતલાલ પ્રજાપતિ સાંજના સમયે બાઈક હંકારીને ઊંઝાથી ઉનાવા ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઉનાવા નાગરિક બેંક સામે ઉનાવા તરફથી ઊંઝા તરફ જઈ રહેલ એક મોટરકારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. જેથી ચાલક કનુભાઈ પ્રજાપતિને હાથ, પગ તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમની સ્થિતિ ગંભીર જણાતાં વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાથી તેમના પરિવારજનોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી. અકસ્માત બાદ મોટરકારનો ચાલક ગાડી સ્થળ પર મુકીને નાસી ગયો હતો.

આ બનાવ અંગે મૃતકના ભાઈની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે જીજે-૧.આર.એ.૬૪૮૦ નંબરની મોટરકારનાચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન ઉનાવામાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે કેટલાક તત્વો બેફામ રીતે વાહન હંકારીને માનવ જીંદગી જોખમાય તેવું કૃત્ય કરતા હોઈ આવા તત્વો સામે કાયદાકીય કડક પગલાં ભરાય તેવી ગ્રામજનોની તીવ્ર માગણી ઉઠી છે. આ ઘટનાને પગલે ઉનાવામાં બંધ પળાયો હતો.

### એક્શન મોડમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા ચૂંટણીની આચારસંહિતાના અમલને લઈ વિવિધ જાહેરનામા પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજકીય પક્ષોને મંજૂરી સહિતની કામગીરી માટે અલાયદુ તંત્ર પણ ઉભુ કરી દેવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે પંચ દ્વારા ૧૯૫૦ની હેલ્પલાઈન મતદારો માટે ઉભી કરવામાં આવી છે તેમાં રોજની સરેરાશ ૩૦ જેટલી પૃચ્છાઓ આવતી હોવાનું પણ જાણવા મળેલ છે.

### પરિશ્રમ કરવો પડે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહારાજા નટરવસિંહ, નયન મોંગિયા, કિરણ મોરે ,પાર્થિવ પટેલ ચેતેશ્વર પુજારા, યુસુફ પઠાણ, ઈરફાન પઠાણ જેવા ક્રિકટરો દેશનુ પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે. સરકાર ઓલમ્પિકની રમતોને મદદ કરે છે. પરંતુ આજના યુવાનોએ અન્ય કોઈ રમતમાં જોડાવા કરતા ક્રિકેટની રમતને પસંદ કરવી જોઈએ અને હવે તો વિમેન ક્રિકેટનો ટ્રેન્ડ શરૂ થતા યુવતિઓ પણ છેલ્લા બે વર્ષથી હાલ નગરમાંથી ૭ મહીલા ખેલાડીઓ ક્રિકેટની તાલીમ માટે સાંઇ સંકુલમાં આવે છે. વુમન ક્રિકેટનુ ભવિષ્ય પણ ઉજ્જવળ છે. ક્રિકટની તાલીમ માટે આવે છે. એસોસિએશનનો પણ પુરતો સહયોગ મળે છે. આજના યુવાનો સચિન તેંદુલકર તેમજ વિરાટ કોહલી બનવાના શમણાંઓ સાકાર કરવા માટે તાલીમ માટે આવે છે. પરંતુ પુરુષાર્થ અને પ્રેકટીસ રંગ લાવે તો જ સફળ થઈ શકે.

### કોંગ્રેસનું વચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરીબોને ન્યાય આપીશું. આ પ્રકારની લઘુત્તમ આવક યોજના દુનિયામાં કોઈપણ જગ્યાએ નથી. લઘુત્તમ આવક મર્યાદા ૧૨૦૦૦ રૂપિયાની રહેશે અને આટલી રકમ દેશમાં રહેલી છે. યોજનાના સંદર્ભમાં માહિતી આપતા રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ગેરન્ટી આપે છે કે, ૨૦ ટકા સૌથી ગરીબ પરિવારોને દર વર્ષે ૭૨૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આનાથી દરેક જાતિ, દરેક ધર્મના ગરીબોને ફાયદો થશે. રાહુલે કહ્યું હતું કે, આ સ્કીમ હેઠળ દરેક ગરીબની ઈન્કમ ૧૨૦૦૦ રૂપિયા ગણવામાં આવશે. સ્કીમ હેઠળ જો કોઈની આવક ૧૨૦૦૦ રૂપિયાથી ઓછી છે તો તેને આટલા પૈસા સરકાર દ્વારા આપવામાં આવશે. જેમ કે કોઈની આવક ૬૦૦૦ રૂપિયા છે તો સરકાર તેને બીજા ૬૦૦૦ રૂપિયા આપશે જ્યારે વ્યક્તિ ૧૨૦૦૦ રૂપિયાની ઈન્કમ સુધી પહોંચી જશે ત્યારે તે સ્કીમમાંથી બહાર આવી જશે.

### મિસાઈલો ગોઠવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિસાઈલો ગોઠવી દીધી છે. સાથે સાથે બાજ નજર રાખી શકે તે માટે આઈબીઆઈએસ -૧૫૦ રડાર ગોઠવી દેવામાં આવ્યા છે. અંકુશ રેખા પર નજર રાખવા માટે કેટલાક પગલા લીધા છે. ઈસ્લામાબાદમાં પણ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. ઈસ્લામાબાદમાં સુરક્ષાની દ્રષ્ટિએ ચીની નિર્મિત રેનબો સીએચ-૪ અને સીએચ-૫ ડ્રોન વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના કબજા હેઠળના વિસ્તારો બાલાકોટમાં ઘુસીને ભારતે હવાઈ હુમલા કર્યા હતા. જેમાં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી બાદ ભારતે પાકિસ્તાનના ત્રણ ડ્રોનને પણ તોડી પાડ્યા હતા. એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાની હવાઈ દળને ભય છે કે ભારત ક્યારે પણ આવી કાર્યવાહી ફરી કરી શકે છે. આને ધ્યાનમાં લઈને પાકિસ્તાને ચીન પાસેથી તેને મળેલી મિસાઈલો સરદ નજીક તૈનાત કરી છે. બીજી બાજુ એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે ચીને ભારત-પાકિસ્તાન સરદથી માત્ર ૯૦ કિલોમીટરના અંતરે પાકિસ્તાનના સિંઘ પ્રાંતમાં પોતાની સેનાની એક ટુકડી તૈનાત કરી છે.